જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૩૯ બિયર ટીન, ૦૨ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૬૮/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ જીમીતભાઇ રાજેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૪૨) (રહે. સેવન બ્લીસ શ્રીવિષ્ણુધારા ગાર્ડનની બાજુમાં ગોતા) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી પંકજભાઇ લાખાભાઇ દેસાઇ (રહે. ચેહરનગર ચાણક્યપુરી સેક્ટર–૩ ઘાટલોડીયા) એ જીમીતભાઇ શાહ નાઓની વંદે માતરમ રોડ શુકન પ્લેટીનમ IIFL Finance બ્રાન્ચ ખાતે ગોલ્ડ લોન કરી રેગ્યુલર હપ્તા ભરવાનું જણાવી તેમની મણણપુરમ ગોલ્ડ લોન જોધપુર શાખા ખાતેથી પોતાની ગોલ્ડ લોન ટ્રાન્સફર કરાવવાની પ્રોસેસ કરી પોતાનુ ગોલ્ડ બ્રાન્ચમાં જમા કરાવવાનુ જણાવી રૂપિયા ૨૨,૩૯,૯૯૯/– પંકજભાઇએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી બ્રાન્ચ ખાતે ગોલ્ડ જમા નહી કરાવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

માધવપુરાઃ જગદીશસિંહ માલસિંહજી રાજપુત (ઉ.વ.૬૨) (રહે. મનમોહન કો.ઓ.હા.સો.લી. સુભાષબ્રિજ પાસે કેશવનગર રાણીપ) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૩ થી તા.૨૨/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાયાન શાહિબાગ નમસ્તે સર્કલ રિલાયન્સ મોલના પાર્કિંગ ખાતે આરોપી પંકજ દિલીપભાઇ પ્રજાપતી (રહે. નવી ચાલી ગુપતપુરાની ચાલી બારડોલપુરા માધવપુરા) એ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ અંતર્ગત વડાપ્રધાન ગરીબ આવાસ યોજના હેઠળ એલ.આઈ.જી. ટુ.બી.એચ.કે. તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઈ.ડબલ્યુ.એસ. ૨ અંતર્ગત વડાપ્રધાન ગરીબ આવાસ યોજના હેઠળ એલ.આઈ.જી.વન બી.એચ.કે. મકાનના ઓનલાઇન ફોર્મ ભરવાનું કહી ડીપોઝીટ પેટે જગદીશસિહ રાજપુત ની ચાલીમાં રહેતા વ્યક્તિઓની તથા અન્ય મિત્રો પાસેથી કુલ રૂપિયા ૮,૬૩,૪૦૦/– મેળવી લઈ ફોર્મ નહી ભરી ખોટી બનાવટી પૈસા ભર્યા અંગેની એ.એમ.સી. ની પહોંચ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

ગોમતીપુરઃ મગનભાઇ જીવાજી બોદર (ઉ.વ.૫૧) (રહે. ગોમતીપુર પોલીસ હેડકવાર્સ કામદાર મેદાન પાસે ગોમતીપુર) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે અજાણી વ્યકતીએ મગનભાઈ બોદરના મોબાઇલ ફોનનો ચેનકેન એક્સેસ મેળવી લઈ ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી બેંકના ખાતામાંથી રૂપિયા ૯૦,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

રામોલઃ હિનાબહેન વા/ઓ ભાવેશકુમાર પટેલ (ઉ.વ.૪૦) (રહે. રાજધાની ટેનામેન્ટ નિરાંત ચાર રસ્તા વસ્ત્રાલ) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યકતીએ ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી હિનાબહેન પટેલના બેંકના ખાતામાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.મોરી ચલાવે છે.

અમરાઈવાડીઃ શૈલેષભાઈ લક્ષ્મણભાઈ સોદાગર (ઉ.વ.૪૩) (રહે. શંકરનગર રબારી કોલોની રોડ અમરાઈવાડી) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૬ થી તા.૦૭/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યકતીએ ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી શૈલેષભાઈ સોદાગરના બેંકના ખાતામાંથી રૂપિયા ૩,૧૧,૦૬૬/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ (૧) પ્રદિપભાઇ દિલીપભાઇ રામવાણી (ઉ.વ.૪૦) (રહે. મહેશ્વરી સોસાયટી કોલટ રોડ સાણંદ) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રદિપભાઇ રામવાણીનાઓ સાણંદ ખાતે રાઇસ મીલની ફેકટરી ધરાવી તેમજ એસ.જી.હાઈ–વે ઈશ્કોન ખાતે ઓફીસ ધરાવી ધંધો કરતા હોય જે ફેકટરીના એકાઉન્ટન્ટ તરીકે જયેશભાઈ કામ સંભાળતા હોય તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ જયેશભાઈનો મોબાઈલ ફોન હેક કરી જયેશભાઇના મોબાઇલનુ એક્સેસ મેળવી લઈ અજાણી વ્યક્તિએ જયેશભાઈના મોબાઈલ ફોનમાં પ્રદિપભાઇ રામવાણીનાઓનો મોબાઇલ નંબર ડીલીટ કરી વોટસઅપ નંબર ૮૦૦૮૨૩૨૦૯૭ પ્રદિપભાઇ રામવાણીના નામથી સેવ કરી મોબાઇલમાં પ્રદિપભાઇ રામવાણીનું ડીપી પીકચર રાખી જયેશભાઇને મેસેજ કરતા જયેશભાઈએ પ્રદિપભાઇ રામવાણીનો જ મેસેજ સમજી કુલ રૂપિયા ૮૦,૦૦,૦૦૦/– તેઓએ આપેલ બંધન બેન્કના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ પ્રદિપભાઈ અને જયેશભાઈ રૂબરૂ મળતા પૈસાના વ્યવહાર વિશે ચર્ચા કરતા પ્રદિપભાઇએ આવો કોઈ પૈસાનો વ્યવહાર નહી કર્યાની વાતચીત કરતા તેમજ જયેશભાઇના મોબાઈલ ફોનમાં પ્રદિપભાઇના મોબાઈલ નંબર ચેક કરતા પ્રદિપભાઇના મોબાઈલ ફોન નંબરના બદલે મોબાઈલ નંબર ૮૦૦૮૨૩૨૦૯૭ સેવ થયેલાનું જણાઈ આવેલ, આમ મોબાઈલ નંબર ૮૦૦૮૨૩૨૦૯૭ ના ધારકે પ્રદિપભાઇ રામવાણીના નામે મેસેજ કરી રૂપિયા ૮૦,૦૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ (૨) જિગરભાઈ પ્રવિણભાઈ મોદી (ઉ.વ.૪૯)(રહે. હીલ ટોન રેસીડેન્સી શાલીગ્રામ–૨ ફ્લેટ સામે પ્રહલાદનગર સેટેલાઈટ) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૬ થી તા.૧૦/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર +૯૧૯૨૭૫૧૩૧૬૨૫, +૯૧૮૪૪૮૯૯૮૯૭૪૪ અને ૮૧૦૨૯૯૨૭૪૯ ના ધારકોએ ગેસ બીલ રેકોર્ડ અપડેટ કરવાના બહાને ખોટા નામથી Gas Bill Update.apk નામની ફાઈલ મોકલી આપી જિગરભાઈ મોદીના તથા તેમના પત્નીના મોબાઈલનો તેઓની જાણ બહાર એક્સેસ પ્રાપ્ત કરી લઈ તેઓના બેન્ક ખાતાના ડેબિટકાર્ડ અને ક્રેડીટકાર્ડની વિગતો મેળવી લઈ ક્રેડીટકાર્ડ દ્વારા કુલ રૂપિયા ૧૧,૫૮,૪૪૨/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૯/૨૦૨૬**

કૃષ્ણનગરઃ મનહરસિંહ ગમેરસિહ ચૌહાણ (રહે. રાધેપાર્ક ટેનામેન્ટ નીલકંઠ બંગલો સામે પંચધિ સ્કૂલ પાસે નવા નરોડા) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૦૯/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની લોખંડની જાળીનો નકુચો તેમજ લાકડાના દરવાજાનું એન્ટરલોક તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૩,૫૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૩,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ઘાટલોડીયાઃ હેમાંગિનીબહેન વા/ઓ મિનેશભાઈ પટેલ (ઉ.વ.૪૪) (રહે. કૃષ્ણવિલા સોસાયટી મગલેશ્વર મહાદેવ રોડ ઘોડાસર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી તા.૧૦/૦૯/૨૦૨૬ કલાક ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર મેમનગર તળાવ સામે આર.એમ.એસ.સોસાયટી ખાતે હેમાંગિનીબહેન પટેલના પિતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૧૧,૨૮,૦૦૦/– તેમજ ઘર બહાર પાર્ક કરેલ ટી.વી.એસ.જ્યુપિટર સ્કુટર મળી કુલ રૂપિયા ૧૨,૭૬,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૨૭૦/૨૦૨૬**

વાડજઃ શાંતિલાલ બંસીલાલ શાહ (ઉ.વ.૬૪) (રહે. શાંતિનગર સોસાયટી ગુલાબ શાંતિ ટેમ્પલ પાસે જૈન દેરાસર પાસે ઉસ્માનપુરા જુના વાડજ) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોનાના પાટલા નંગ–૪ કિમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

નરોડાઃ જોસનાબહેન વા/ઓ વિમલભાઈ રાવલ (ઉ.વ.૩૮) (રહે. શ્રીરામ હાઈટ મુઠીયા ગામ નરોડા) એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી કલાક ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સી.ટી.એમ.થી નરોડા મુઠીયા ગામ સુધી એ.એમ.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ જોસનાબહેન રાવલની બેગમાંથી નાનું પાકીટ ચોરી કરી લીધું હતું. જે પાકીટમાં સોનાની કાનસેર એક જોડ કિમત રૂપિયા ૧૫,૦૦૦/– સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૨૭૧/૨૦૨૬**

બાપુનગરઃ ભારતીબહેન વિનોદભાઈ ભરવાડ (ઉ.વ.૩૭) (રહે. જેઠીપુરા ગામ જૈન દેરાસર સામે ભરવાડવાસ વલાદ ગીફટ સીટીના નાકે તા–જી. ગાંધીનગર) તા.૦૪/૦૯/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ વાગ્યાના સુમારે ઓટો રીક્ષામાં બેસી બાપુનગર મમતાનગર રામાપીર મંદીર વિરાટનગર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભારતીબહેન ભરવાડના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૬૭,૦૦૦/– ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભારતીબહેન ભરવાડ એ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયદીપભાઇ મેલાભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ શ્રધ્ધાબહેન ડૉ/ઓ હસમુખભાઈ ગાંધી (ઉ.વ.૩૨) (રહે. કર્ણાવતીનગર બાપા સિતારામ ચોક નવા નરોડા) તા.૦૪/૦૯/૨૦૨૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે ચાણક્ય સ્કુલ પાસે આવેલ સ્પોર્ટ કોમ્પલેક્ષ આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શ્રધ્ધાબહેન ગાંધીના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૩૪,૨૨૬/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્રધ્ધાબહેન ગાંધીએ તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૨૭૨/૨૦૨૬**

ચાંદખેડાઃ રવિ સ/ઓ જયંતીભાઇ દંતાણી (ઉ.વ.૩૭) (રહે. પાચ બંગ્લાના કાચા છાપરાંમા મગનજી દુધવાળાની ચાલી સાબરમતી) નાઓ બિમાર હોય સારવાર માટે ચાંદખેડા એસ.એમ.એસ.હોસ્પિટલના પાચમાં માળે મેડીસીન વોર્ડમાં દાખલ કરવામાં આવેલ હતા. જ્યાં બિમારીથી કંટાળી રવિ દંતાણીએ તા.૧૦/૦૯/૨૦૨૬ રાતના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પાચમા માળે વોર્ડ બી/૫૧ ખાટલા નંબર-૦૩ નજીક બારીમાંથી નીચે પડતું મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ નરેશભાઈ ગુરૂદયાલ મીણા (ઉ.વ.૪૦) (રહે. પરિહારનગર ગલી નંબર-૪ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

રામોલઃ ઉમેશકુમાર રાજેશભાઇ કોસ્ટી (ઉ.વ.૩૬) (રહે. શિવપાર્ક સોસાયટી જીવન પ્રકાશ સ્કુલ પાસે રામરાજ્યનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી